# શિક્ષકોને રૂ.1 કરોડ સુધીનું અકસ્માત વીમા કવચ મળશે

**સુરત** જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને SBI વચ્ચે 'સ્ટેટ ગવર્નમેન્ટ સેલરી પેકેજ'કરાર



સુરતઃ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરતે શિક્ષણ વિભાગના કર્મચારીઓની આર્થિક સુરક્ષા અને કલ્યાણને પ્રાથમિકતા આપતા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) સાથે 'સ્ટેટ ગવર્નમેન્ટ સેલરી પેકેજ'(SGSP) માટે મહત્ત્વપૂર્ણ MOU સંપન્ન કર્યો છે. આ કરારથી સુરત જિલ્લાની તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો તેમજ કચેરીના વહીવટી કર્મચારીઓને વિશાળ વીમા કવર સાથે આધુનિક બેન્કિંગ સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ થશે.

આ MOU અંતર્ગત કર્મચારીઓના હાલના પગાર ખાતાને વિશેષ સેલરી પેકેજમાં રૂપાંતરિત કરવામાં આવશે, જેના કારણે તેઓને જીવન, આરોગ્ય, અકસ્માત અને લોન જેવી અનેક સુવિધાઓ એક જ પ્લેટફોર્મ પર મળશે. શિક્ષણ વિભાગ માટે આ કરારને "ઐતિહાસિક સુરક્ષા કવચ" તરીકે જોવામાં આવી રહ્યો છે. SGSP પેકેજ અંતર્ગત કર્મચારીઓને ઝીરો બેલેન્સ એકાઉન્ટની સુવિધા મળશે. પ્લેટિનમ અથવા સિલેક્ટ RuPay ડેબિટ કાર્ડ સંપૂર્ણપણે મફત આપવામાં આવશે. કોઈપણ બેંકના એટીએમ પર અમર્યાદિત ફ્રી ટ્રાન્ઝેક્શનનો લાભ મળશે. ઉપરાંત, પરિવારના સભ્યો માટે "રિશ્તે"એકાઉન્ટ ખોલવાની વ્યવસ્થા રહેશે, જેમાં રૂ. 5 લાખ સુધીનું અકસ્માત વીમા કવર અને ફ્રી એટીએમ સુવિધા સામેલ છે. આ પેકેજની સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે કર્મચારીઓને અકસ્માતે મૃત્યુની સ્થિતિમાં રૂ. 40 લાખથી રૂ. 1 કરોડ સુધીનું વીમા કવચ મળશે. હવાઈ મુસાફરી દરમિયાન અકસ્માત થાય તો રૂ. 1.60 કરોડ સુધીનું જીવન વીમા કવર મળશે. કાયમી સંપૂર્ણ વિકલાંગતા માટે રૂ. 1 કરોડ અને અંશતઃ વિકલાંગતા માટે રૂ. 80 લાખ સુધીની આર્થિક સહાયની જોગવાઈ કરવામાં આવી છે.

### તબીબી અને ઇમરજન્સી સેવાઓમાં પણ મોટો સહારો

ગંભીર અકસ્માતની સ્થિતિમાં એર એમ્બ્યુલન્સ માટે રૂ. 10 લાખ સુધીનો ખર્ચ કવર કરવામાં આવશે. અકસ્માત બાદ પ્લાસ્ટિક સર્જરી અથવા દાઝી જવાના કેસમાં પણ રૂ. 10 લાખ સુધીની સહાય મળશે. જરૂરી વિદેશી દવાઓના ટ્રાન્સપોર્ટેશન માટે રૂ. 5 લાખ સુધીનું કવર ઉપલબ્ધ રહેશે.

# CS એક્ઝિક્યુટિવ માટે ૧૫ ફેબ્રુ. સુધી નોંધણી થશે

**ICSIની** પરીક્ષામાં ધોરણ ૧૨ પાસ/અભ્યાસરત વિદ્યાર્થીઓને સીધી એન્ટ્રી

સુરતઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (ICSI) દ્વારા જૂન ૨૦૨૬માં યોજાનારી CS એક્ઝીક્યુટીવ પ્રવેશ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થયો છે. આ પરીક્ષા માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે અને ઈચ્છુક ઉમેદવારો આગામી ૧૫ ફેબ્રુઆરી સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

ICSI દ્વારા જાહેર કરાયેલા શિડ્યૂલ અનુસાર CS એક્ઝીક્યુટીવ એન્ટ્રન્સ ટેસ્ટ (CSEET) આગામી જૂન મહિનામાં યોજાશે, જે ૧થી ૪ જૂન દરમિયાન લેવામાં આવશે. ખાસ બાબત એ છે કે જે વિદ્યાર્થીઓ ૧૫ ફેબ્રુઆરી સુધી રજીસ્ટ્રેશન કરાવવામાં રહી જશે, તેઓ ૧ માર્ચથી ૭ એપ્રિલ દરમિયાન કોઈ પણ લેટ ફી વગર એનરોલમેન્ટ ફોર્મ ભરી શકશે, જ્યારે ૮ એપ્રિલથી ૨૦ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન લેટ ફી સાથે અરજી કરવાની તક આપવામાં આવશે.

ICSIના નિર્ધારિત માપદંડો મુજબ ધોરણ ૧૨ પાસ કરેલા, હાલમાં ધોરણ ૧૨ની પરીક્ષા આપી રહેલા તેમજ અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ CSEET માટે અરજી કરી શકે છે. રજીસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ સંસ્થાની તરફથી પરીક્ષાની તૈયારી માટે વર્ચ્યુઅલ ક્લાસ અને અભ્યાસ સામગ્રી સંપૂર્ણપણે મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

જે વિદ્યાર્થીઓ માટે મોટી રાહતરૂપ સાબિત થશે.ઉલ્લેખનીય છે કે CSEET વર્ષમાં ચાર વખત જાન્યુઆરી, મે, જુલાઈ અને નવેમ્બર મહિનામાં યોજાય છે. આ પરીક્ષા ચાર વિષયોની રહેશે, જેમાં દરેક વિષય ૫૦ ગુણનો હશે. પરીક્ષા કોમ્પ્યુટર આધારિત (CBT) હશે અને ઉમેદવારો પોતાની અનુકૂળ જગ્યાએથી આપી શકશે. વધુમાં, આ પરીક્ષામાં નેગેટિવ માર્કિંગ ન હોવાને કારણે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા અનુકૂળતા રહેશે.

# 5મી જાન્યુઆરીએ સુમુલ ડેરીની ચૂંટણીનો હાઇકોર્ટમાં ચુકાદો આવશે

**કસ્ટોડિયનની** નિમણૂક અને ચૂંટણી સમયસર કરાવવા 58 મંડળી હાઇકોર્ટમાં ગઇ હતી

### આખા રાજ્યની ડેરીઓની ચૂંટણી થતી હોય તો સુમુલની કેમ નહીં?

સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોએ દાદ માંગી છે કે, રાજ્યની ડેરીઓની ચૂંટણી થતી હોય તો સુમુલની કેમ નહીં? સરકારે ખેડૂતો અને પશુપાલકોની ચૂંટાયેલી બોડીને મહત્ત્વ આપવું જોઈએ. જેવું બીજા જિલ્લાને આપ્યું છે. ખેડા, મેહસાણા અને વલસાડની ડેરીઓની ચૂંટણી યોજાઈ ગઈ, માત્ર ચેરમેનની નિયુક્તિ બાકી છે. સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ, પંચમહાલ, ભરૂચ, ગાંધીનગર, સુરેન્દ્રનગર અમરેલી, કચ્છ, જુનાગઢ જિલ્લાની ડેરીની ચૂંટણી યોજાઈ ગઈ છે. રાજ્યમાં એક માત્ર સુરત અને તાપી જિલ્લાની સુમુલ ડેરીમાં કસ્ટોડિયનની નિમણૂક કરવામાં આવી છે. માત્ર બે ડેરીઓ રાજકોટ અને ભાવનગર જિલ્લાની ડેરીની ચૂંટણી બાકી છે. વડોદરા ડેરીની ચૂંટણી આગામી વર્ષે મુદ્દત વીત્યે યોજાશે.

સુરતઃ સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી સમયસર કરાવવા અને કસ્ટોડિયનની નિમણૂંકને પડકારતી પિટિશન પર ગુજરાત હાઇકોર્ટમાં તમામ પક્ષકારોને દલીલો પૂરી થઇ છે. ચૂંટણી અંગેની દાદ માંગતી પિટિશનનો ચુકાદો ગુજરાત હાઇકોર્ટ 5 જાન્યુઆરીએ આપશે. રાજ્યની બીજી ડેરીઓમાં ચૂંટણી થતી હોય તો સુમુલની કેમ નહીં? કસ્ટોડિયનની નિમણૂક અને ચૂંટણી સમયસર કરાવવા 58 મંડળી હાઇકોર્ટમાં ગઇ હતી.

સુમુલની ચૂંટણી કેમ થઇ રહી નથી? મુખ્યમંત્રી પોર્ટલ પર થયેલી ઓનલાઇન ફરિયાદના અનુસંધાને મુખ્યમંત્રીએ સુરતના જિલ્લા કલેક્ટર પાસે ખુલાસો માંગ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ફરિયાદ કરનાર સુમુલ ડેરીના સભાસદ ગુણવંતભાઇ નરોત્તમભાઇ વહિયા (રહે., બામણીયા, તા. મહુવા, જિ. સુરત) તથા અન્યોએ યોગ્ય કારણ વિના સુમુલ ડેરીની ચૂંટણી ટાળવા કસ્ટોડિયનની નિમણૂક કરાઇ હોવાનો આક્ષેપ કરી લેખિત ફરિયાદ કરી હતી. આ મામલામાં મુખ્યમંત્રી કાર્યાલયે કલેક્ટરને સ્પષ્ટ પત્ર લખી જણાવ્યું હતું કે, અરજદારની રજૂઆત પરત્વે નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી હાથ ધરી, કરાયેલી કાર્યવાહીની ઓનલાઇન ડેટા એન્ટ્રી કરી, જરૂરી જવાબ ફક્ત ઓનલાઇન અપલોડ કરવા અને જવાબ અત્રે ઓફલાઇન ન મોકલવા આજ્ઞાનુસાર વિનંતી છે. વધુમાં, સંબંધિત દરેક કચેરી દ્વારા થયેલી તમામ કાર્યવાહીની વિગતો નિયમિત રીતે ઓનલાઈન કરવા વિનંતી કરાઈ હતી. મુખ્યમંત્રી કાર્યાલયે સુરત કલેક્ટર ઉપરાંત રજિસ્ટ્રાર અને સહકાર કમિશનર અને રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, પાસે પણ ખુલાસો માંગ્યો છે. સુમુલ ડેરીની ચૂંટણી અટકાવી રાખવા બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સુમુલ ડેરીની 998 મંડળીમાંથી 704 મંડળીએ ચૂંટણી કરાવવા ફરિયાદ કરી છે. જોકે ચૂંટણીનો મામલો ગુજરાત હાઇકોર્ટમાં સબજ્યુડિશ હોવાથી કલેક્ટર અને સ્ટેટ રજિસ્ટ્રાર એ વિશેષ કંઇ કરવાનું રહેતું નથી. બંને અધિકારીઓ રાજ્યની વડી અદાલતમાં મામલો વિચારાધીન હોવાનું જણાવી દેવાયું હતું.

**ભ્રષ્ટાચારની ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી નહીં થતાં લોકો ACB પાસે જાય છે**

# જિલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં લાંચ કયા ઉચ્ચ અધિકારી માટે મંગાઇ હતી?

**સુમુલ,** ડિસ્ટ્રિક્ટ બેંકની ચૂંટણી સમયસર નહીં કરાવવાનો મામલો હાઇકોર્ટ પહોંચ્યો છે

**અગાઉ** સુરતના બે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓના ભ્રષ્ટાચારના આરોપમાં સસ્પેન્ડ થઈ ચૂક્યા છે

સુરતઃ સુરત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી સામે સહકારી મંડળીઓની નોંધ, ઓડિટની કામગીરી, નબળી મંડળીઓ અને ગેરરીતિઓના પ્રકરણમાં આંખ આડા કાન કરવા સહિતની ફરિયાદો મુખ્યમંત્રી, સહકાર સચિવથી લઈ સ્ટેટ રજિસ્ટ્રાર ગાંધીનગરને કરવા છતાં કોઈ પગલાં નહીં લેવાતાં લોકો હવે ACBમાં ફરિયાદ કરવા પહોંચી રહ્યા છે. સુરતના સહકારી ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર એટલી હદે રહ્યો છે કે, ભૂતકાળમાં બે જિલ્લા રજિસ્ટ્રાર-સહકારી મંડળી સસ્પેન્સ થઈ ચૂક્યા છે. નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવા માટે લાંચ પ્રકરણમાં લાંચની અગનજ્વાળા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓને કેન્દ્રમાં લાવી છે. લાંચ કયા ઉચ્ચ અધિકારી વતી લેવાનો પ્રયાસ થયો એ સુરત એસીબીની તપાસમાં બહાર આવશે.

પકડાયેલા આરોપીઓમાં એક ઓડિટર ગ્રેડ-૨, વર્ગ-૩ અને એક કોન્ટ્રાક્ટ બેઝ આઉટ સોર્સ કોમ્પ્યુટર ઓપરેટર છે. જ્યારે ત્રીજી વ્યક્તિ ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ, વર્ગ-૩ છે. જો કે, તેમની લાંચ સ્વીકારતી વખતે સ્પોટ પરથી ધરપકડ થઈ નથી. તેઓને ઘરેથી પકડવામાં આવ્યા છે. પકડાયેલા વ્યક્તિઓ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના હાલના મોટા અધિકારી નથી. ત્યારે આ લાંચ કોઈક અધિકારી વતી માંગવામાં આવી છે. આ લાંચ માંગનાર લાંચિયો ઉચ્ચ અધિકારી કોણ છે એનો પર્દાફાશ થશે કે, મામલો રફે દફે થશે એ ચર્ચાનો વિષય છે. સુમુલ ડેરી અને ડિસ્ટ્રિક્ટ બેંકની ચૂંટણી સમય સર નહીં કરાવવા અને ગેરવહીવટને લીધે પતનને આરે પહોંચેલી સુરતની જૂની સહકારી ડેરીના જમીન અને મીઠાઈ કેન્દ્રો અને દૂધ ભરવાના મામલામાં પણ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના ઉચ્ચ અધિકારી દ્વારા ખેલ કરાયો હોવાની સહકારી ક્ષેત્રમાં ચર્ચા ચાલી રહી છે.

# સહકારી ક્ષેત્રમાં કસ્ટોડિયન ટૂંકા ગાળા માટે જ મૂકો

**મુખ્યમંત્રી,** ઉદ્યોગમંત્રીને રજૂઆત, અધિકારીઓની નિષ્ફળતાને લીધે કસ્ટોડિયન કમિટીની રચના કરવી પડે છે

સુરતઃ ગુજરાત રાજ્યની સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીઓ, સહકારી બેન્કોમાં કસ્ટોડિયન કમિટીની નિમણૂક લાંબા ગાળા માટે નહીં કરવા તેમજ નિયમાનુસાર વ્યવસ્થાપક સમિતિઓની ચૂંટણીઓ કરાવવા, સહકારી ક્ષેત્રે પારદર્શિતા અને જવાબદારી વધારવા પગલાં લેવા મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

ખેડૂત અગ્રણી એમ. એસ. એચ. શેખે પત્રમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં સહકારી ક્ષેત્રે સુધારાઓ કરવાની જરૂરિયાત છે. હાલમાં સહકારી મંડળીઓના વહીવટમાં પારદર્શિતા, જવાબદારીની ભારે ખોટ છે ત્યારે વહીવટી સુધારાઓથી સહકારી ક્ષેત્રનો વધુ સારો વિકાસ કરવા રાજ્ય સરકારે સુધારાત્મક પગલાં ભરી કામ કરવું જોઈએ. રાજ્યમાં સહકારી મંડળીઓમાં અધિકારીઓની નિષ્ફળતાને લીધે કસ્ટોડીયન કમિટીની રચના કરવી પડે એમ છે. કસ્ટોડિયન કમિટીની નિમણૂક આગામી ચૂંટણીઓ સુધી ટૂંકા ગાળા માટે કરવા અને નિયમઅનુસાર ચૂંટણીઓ કરાવવા પણ રજૂઆત છે.

સહકાર વિભાગના નીતિનિયમોમાં જરૂરી સુધારાઓ કરવા અને સ્વચ્છ વહીવટ માટે સૂચનો પણ રજૂ કરીએ છીએ. આ બાબતે તાત્કાલિક નિર્ણય મંત્રીમંડળ કક્ષાએ કે કેબિનેટ કક્ષાએ લઈ લાખો ખેડૂતો, પશુપાલકોની સહકારી મંડળીઓને ન્યાય આપશો. આ સુધારા અને તેના થકી લાખો સભાસદોને લાભ થશે.

# કાપડના ધંધામાં મંદી નડતા વેપારી ડ્રગ્સ વેચવા લાગ્યો

**1.01** લાખના MD સાથે હરેશ પટેલની ધરપકડ, સપ્લાયર વોન્ટેડ

સુરતઃ ખટોદરા પોલીસે બાતમીને આધારે જોગર્સ પાર્ક નજીકથી એક વેપારીને એક લાખના એમડી ડ્રગ્સ સાથે પકડી પાડ્યો હતો. પોલીસે વેપારીને ડ્રગ્સ આપનારને વોન્ટેડ જાહેર કર્યો છે. જ્યારે એક ફોર વ્હીલ કાર, 33.82 ગ્રામ એમડી ડ્રગ્સ મળી 9.96 લાખની મત્તા કબજે લીધી છે.

સર્વેલન્સ ટીમને બાતમી મળી હતી કે હરેશ પટેલ નામનો કાપડ વેપારી જોગર્સ પાર્ક પાસેથી એક ફોર વ્હીલમાં એમડી ડ્રગ્સ લઈને પસાર થવાનો છે. જેથી પોલીસે વોચ ગોઠવી બાતમીવાળી GJ-05-JS-3156 નંબરની હ્યુન્ડાઈ ક્રેટા ફોરવ્હીલ કાર આવતા તેને આંતરીને કારમાં તપાસ કરતા કારચાલકના ખિસ્સામાંથી 1.01 લાખનું 33.82 ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે તેની પૂછપરછ કરતા તે હરેશકુમાર કાન્તીલાલ પટેલ (ઉ.વ. ૪૫, ધંધો વેપાર,રહે. ઘર નં. ૨૦, શ્યામ વિલા રેસિડન્સી, ખરવાસા રોડ, ડીંડોલી, હોવાનું જણાવ્યું હતું.

ડ્રગ્સ મામલે પૂછતા તે હરેશ ચૌધરી નામના ઈસમ પાસથી લાવ્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે કાપડ વેપારી હરેશ વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. જ્યારે જથ્થો આપનાર હરેશ ચૌધરીને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે હરેશની વધુ પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે તે અગાઉ કાપડનો વેપાર કરતો હતો. કાપડમાં મંદી આવતા ધંધો ઠપ થઈ ગયો હતો. ડ્રગ્સનો તે એડીક્ટ હોવાથી અને વેપાર બંધ થયેથી ખર્ચ કાઢવા તે કેટલોક જથ્થો વેચાણ કરતો હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરી છે.

# ગ્રાન્ટોનો સમયમર્યાદામાં ઉપયોગ કરવા અધિકારીઓને સૂચના

**ડિસ્ટ્રિક્ટ** ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટીની બેઠક યોજાઇ

સુરતઃ સુરત જિલ્લામાં વિકાસ કાર્યો માત્ર કાગળ પર નહીં પરંતુ ધરાતલ પર સમયસર અને ગુણવત્તાપૂર્ણ રીતે દેખાવા જોઈએ. આ સ્પષ્ટ સંદેશ સાથે સુરત ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટી (દિશા)ની બેઠક સાંસદ મુકેશભાઈ દલાલના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી.

બેઠકમાં સાંસદ મુકેશ દલાલે સાંસદ ફંડ અંતર્ગત મંજૂર થયેલી ગ્રાન્ટોનો સમયમર્યાદામાં અસરકારક ઉપયોગ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. વિકાસ કામોમાં વિલંબ કે ગુણવત્તામાં સમાધાન ન ચાલે તેમ જણાવી તેમણે અધિકારીઓને સ્પષ્ટ કાર્યપદ્ધતિ સાથે કામગીરી આગળ વધારવા સૂચના આપી હતી. યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે. તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓમાં પાયાની સુવિધાઓ આવાસ, રોજગાર, સ્વચ્છતા,

આરોગ્ય અને શિક્ષણને પ્રાથમિકતા આપી આયોજન થવું જરૂરી છે. બેઠકમાં ટીબી નિર્મૂલન અભિયાન અંગે ખાસ ચર્ચા થઈ હતી. સાંસદ દલાલે વધુમાં વધુ જાગૃતિ કેમ્પ યોજી લોકોને રોગમુક્ત જીવન તરફ પ્રેરિત કરવા આરોગ્ય વિભાગને અનુરોધ કર્યો હતો. સાથે જ જીવનરક્ષક પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કૃષિ અને બાગાયત વિભાગને સોશિયલ મીડિયા સહિતના આધુનિક માધ્યમોનો અસરકારક ઉપયોગ કરવા સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, રાજ્ય દિશા કમિટીના સભ્ય શર્મા, જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહ, જિલ્લા આયોજન અધિકારી આર.આર. ભાભોર, તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકા પંચાયતના સદસ્યો તથા વિવિધ સમિતિઓના સભ્યો અને વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લૂંટેરી દુલ્હનને બોઈસરથી ઝડપી લેવાઈ

**કતારગામના** રત્નકલાકાર સાથે ફૂલહારથી લગ્ન કરી રૂ.1.30 લાખ લઈ ફરાર થયા હતા

**માત્ર** બે દિવસનાં લગ્ન બાદ ગામમાં કામના બહાને દુલ્હન ગાયબ થઈ ગઈ હતી



સુરતઃ કતારગામના રત્નકલાકારને લગ્નના ઝાંસામાં ફસાવી રોકડ રકમ પડાવી ફરાર થયેલી દુલ્હન અને તેના સાગરીતને ચોકબજાર પોલીસે મહારાષ્ટ્રના બોઈસરથી ઝડપી લઈ આવી મોટી સફળતા મેળવી છે.

કતારગામ હરિઓમ સોસાયટી સ્થિત શિવપૂજા રેસિડેન્સીમાં રહેતા રત્નકલાકાર ધ્રુતેશ વિપુલભાઈ ચૌહાણે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, જુલાઈ-2025થી 26 નવેમ્બર 2025 દરમિયાન રેખાદેવી વિરેન્દ્રકુમાર યાદવ નામની મહિલાએ પોતાના સાગરીતો સોનુ ગુપ્તા અને અશ્વિન પાટીલ સાથે મળી લગ્ન કરાવવાના બહાને દસ્તાવેજોમાં ફેરફાર કર્યો, સગાઈ અને ફૂલહારથી લગ્નની વિધિ કરાવી અને તેના બદલામાં ફરિયાદી પાસેથી કુલ રૂપિયા 1.30 લાખ ઉઘરાવ્યા હતા. લગ્ન બાદ રેખાદેવી આશરે બે દિવસ સુધી ફરિયાદીના ઘરે રહી હતી. ત્યારબાદ ગામમાં મિલકત સંબંધિત કામકાજ હોવાનું કહી ઘર છોડીને ગઈ હતી. ત્યારબાદ પરત આવી ન હતી અને ફોન પણ બંધ કરી દીધો હતો તેમજ આરોપીઓએ મહારાષ્ટ્ર ખાતેનું રહેણાંક પણ ખાલી કરી દીધું હતું. આ કેસમાં ચોકબજાર પોલસીની વિશેષ ટીમ મહારાષ્ટ્રના બોઈસર ખાતે રવાના થઈ હતી. પોલીસ ટીમે બોઈસરના અવધનગર વિસ્તારમાં ચા-નાસ્તાની લારીઓ અને કરિયાણાની દુકાનો પર આરોપીઓની અવરજવર અંગે પૂછપરછ કરી હતી. આરોપીઓ લાંબો સમય એક જ જગ્યાએ ન રહેતા હોવાથી પોલીસએ ચાની લારીવાળા સાથે મિત્રતા કેળવી સતત વોચ રાખી હતી. આ દરમિયાન ફરિયાદી સામે દુલ્હનનો બનેવી બનેલો અજય ઉર્ફે સોનુ ગુપ્તા ચાની લારી પાસે દેખાતા તેને ઝડપી લેવામાં આવ્યો હતો.

આરોપીની પૂછપરછના આધારે લૂટેરી દુલ્હન બનેલી રેખાદેવી વિરેન્દ્રકુમાર યાદવને પણ પકડી બંનેને સુરત લાવવામાં આવ્યા હતા. પોલીસે બંને આરોપીઓ અજય ઉર્ફે સોનું રામશંકર ગુપ્તા (ઉં.વ.૪૦, રહે., મૌર્યા સોસાયટીની ચાલી, કાદરી ચાવાલાની પાછળ, આઝાદનગર, અવધનગર, બોઈસર, તા.જિ.પાલઘર, મહારાષ્ટ્ર, મૂળ વજીરગંજબઝાર, જિ. ગૌડા, ઉત્તરપ્રદેશ) અને રેખાદેવી વિરેન્દ્રકુમાર માલે યાદવની પત્નિ (ઉં.વ.૩૫, રહે., પૂજા ચાલ, મરાઠી સ્કૂલની પાસે, બોઈસર, તા.જિ.પાલઘર, મહારાષ્ટ્ર, મૂળ ચાંદપુર, તા.આંબેડકનગર, જિ.કટેહરી, ઉત્તરપ્રદેશ) ની ધરપકડ કરી લૂટેરી દુલ્હન ગેંગનો પર્દાફાશ કર્યો છે. હાલ પોલીસે અન્ય સાગરીતોની તપાસ હાથ ધરી છે.

### લૂંટેરી દુલ્હન ગેંગ કેવી રીતે કામ કરતી હતી?

આરોપી એજન્ટ અશ્વિન પાટીલ અજય ઉર્ફે સોનું ગુપ્તાના સંપર્કમાં રહી યુવતીઓના ફોટા વોટ્સએપ મારફતે મંગાવતો હતો. આ ફોટાઓમાંથી ફરીયાદીને રેખાદેવી પસંદ આવતા અશ્વિન પાટીલે ફરીયાદીને અજય ઉર્ફે સોનું ગુપ્તાનો મોબાઈલ નંબર આપી સંપર્ક કરાવ્યો હતો. અજય ઉર્ફે સોનું ગુપ્તા રેખાદેવીનો બનેવી બની ફરીયાદી સાથે સતત વાતચીત કરતો રહ્યો. લગ્ન માટે રેખાદેવીના દસ્તાવેજોમાં સુધારા, સગાઈ અને ફૂલહારથી લગ્નના બહાને ટુકડે ટુકડે કુલ રૂ.1.30 લાખ વસૂલવામાં આવ્યા હતા. અશ્વિન પાટીલે અજય ઉર્ફે સોનું ગુપ્તા પાસેથી છેતરપિંડીથી મેળવેલી રકમ લઈ લીધી હોવાની હકીકત પણ સામે આવી છે.

## રાણી અબ્બક્કાદેવી યુવા મહોત્સવની કલાયાત્રામાં STERS-SASCMA કોલેજ પ્રથમ ક્રમે

સુરત : વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) દ્વારા તા. 20-12-2025ના રોજ યોજાયેલા રાણી અબ્બક્કાદેવી 52મા યુવા મહોત્સવ અંતર્ગત કલાયાત્રાની સ્પર્ધામાં પીપલોદ સ્થિત STERS-SASCMA કોલેજે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. આશિષ દેસાઈના નેતૃત્વ હેઠળ તથા કલ્ચરલ અને રંગમંચ ક્લબના સહયોગથી આયોજિત કલાયાત્રામાં "ભારત 2047 - સ્વતંત્ર ભારતનાં 100 વર્ષના સપના અને કલ્પનાઓ"વિષયને આધારે 80થી વધુ વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કલાયાત્રામાં 20થી વધુ મોડેલ્સ દ્વારા 1947નું ભારત, 2001થી 2025નો વિકાસકાળ અને 2047નું સ્વપ્નિલ ભારત ત્રણ તબક્કામાં અસરકારક રીતે રજૂ કરી રાષ્ટ્રીય ચેતના, સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક મૂલ્યોનું સુંદર પ્રદર્શન કરાયું હતું.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### દેવધના ગોડાઉનમાં...

આવ્યો હતો. મળતી માહિતી મુજબ, ગોડાદરાનાં દેવધ ગામ ખાતે દેવધ પોલિસ ચોકીની પાછળ અંબિકા ફર્નિચર નામનું ગોડાઉન આવ્યું છે. આજે સાંજે 7:42 કલાકે તેમાં આગ લાગી ગઈ હતી. અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગોડાઉનનાં માલિકો તથા સ્થાનિક લોકોએ આગ લાગ્યાની જાણ ફાયર કંટ્રોલ કરી હતી.

જેને પગલે ડુંભાલ, ડિંડોલી, માનદરવાજા, સરથાણા, મજુરા, ભીમરાડ, મોરાભાગળ, અડાજણ, ભેસ્તાન સહિતનો 15થી વધુ ફાયર સ્ટેશનના સ્ટાફને 25થી 30 જેટલાં વોટર બાઉઝરો સાથે ઘટનાસ્થળે ધસી ગયા હતા. આગ ભીષણ હોવાથી ચીફ ફાયર ઓફિસર તથા ઉચ્ચ ફાયર ઓફિસરો પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. ગોડાઉનમાં ફર્નિચર બનાવવાનો લાકડાની સાથેનો જ્વલનશીલ સામાન હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને 3 કિ.મી. દૂરથી આગના જ્વાળા તેમજ ધુમાડો દેખાવા લાગ્યો હતો.

### ગોડાઉનમાં પ્લાયવુડ...

સંપૂર્ણપણે આગની લપેટમાં આવી જઈ બળીને ખાખ થઈ ગઈ હતી. પ્લાઈવુડ તથા સનમાઈકા હોવાને કારણે આગ ઝડપભેર પ્રસરી જતાં તેણે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નહોતું. જેની તપાસ હાલ ચાલુ હોવાનું ઘટના સ્થળેથી ફાયર સબ ઓફિસર મનોજ શુક્લાએ જણાવ્યું હતું.

### ક્રિસમસને કારણે...

ઉપલબ્ધ નથી, જેને કારણે મુસાફરો નિરાશ થઈ રહ્યા છે. ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં રજાઓ, શાળા અને કોલેજની રજાઓ અને ટોચની પર્યટન મોસમને કારણે મુસાફરોના ટ્રાફિકમાં નાટ્યાત્મક વધારો જોવા મળે છે. ગોવા, કેરળ અને મથુરા જેવા ધાર્મિક અને પર્યટન સ્થળોના રૂટ પર સૌથી વધુ દબાણ જોવા મળે છે.

### BLO ફરી...

છે. નોટિસ આપવા બદલે બૂથ લેવલ ઓફિસર (BLO) દ્વારા મતદારોને રૂબરૂ મળીને જરૂરી દસ્તાવેજો અને પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. BLO દ્વારા સીધો સંપર્ક સાધવામાં આવતા મતદારોમાં વિશ્વાસ વધે અને તેઓ સહેજપણ ડર્યા વિના પોતાની વિગતો સુધારી શકે તેવો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. ચૂંટણી અધિકારીઓનું માનવું છે કે આ પ્રક્રિયા દ્વારા વધુમાં વધુ બાકી રહેલા મતદારોનું મેપિંગ ઝડપથી અને વિવાદ વિના પૂર્ણ કરી શકાય છે. સાથે જ, મતદાર યાદી વધુ ચોક્કસ અને પારદર્શક બનશે, જે આવનારી ચૂંટણી પ્રક્રિયા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

### આ સપ્તાહ...

તાપમાન 19.4 ડિગ્રી સાથે ગઈકાલ જેટલું જ યથાવત રહ્યું હતું. હવામાં 56 ટકા જેટલી ભેજ નોંધાતાં બપોરના સમયે ઠંડીમાં થોડી રાહત જોવા મળી હતી. જોકે સાંજ પડતા ફરીથી ઠંડીનો અહેસાસ થયો હતો. ખાસ કરીને સવાર અને રાત્રિના સમયે લોકો શિયાળુ કપડાંનો સહારો લેતા જોવા મળ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, 22 તારીખ બાદ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું જોર વધવાની શક્યતા છે. ઉત્તર ભારતના જમ્મુ-કાશ્મીર સહિતના રાજ્યોમાં બરફની સફેદ ચાદર પ્રસરી ગઈ હોવાને કારણે ત્યાંથી આવતી ઠંડી પવનની અસર દક્ષિણ ગુજરાત સુધી પહોંચી શકે છે. આગાહી મુજબ, આવતાં અઠવાડિયામાં સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં હાડ થીજાવતી ઠંડી અનુભવાશે. તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા હોવાથી નાગરિકોને સાવચેત રહેવા તેમજ આરોગ્યનું ખાસ ધ્યાન રાખવા હવામાન વિભાગ દ્વારા સૂચન કરવામાં આવ્યું છે.

### સચિનમાં ભાઈના...

બાદ તસ્કરોને સોફાના ખૂણામાં ગાદી નીચે છુપાવી રાખેલી તિજોરીની ચાવી તેમને મળી ગઈ હતી. તિજોરી ખોલી અંદાજે 50 હજાર રૂપિયાની રોકડ તેમજ દાગીનાં મળી કુલ રૂપિયા પાંચ લાખની મતા ચોરી લીધી હતી. સમગ્ર ચોરીની કાર્યવાહી ખૂબ જ શાંતિપૂર્વક અને આયોજનબદ્ધ રીતે કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ચોરી અંગે જાણ કરતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે. ચાવી સરળતાથી મળવી અને ચોક્કસ દાગીનાની પસંદગી થવી એ બાબતને કારણે ચોરીમાં કોઈ જાણભેદુ સંડોવાયેલો હોવાની શક્યતા પણ પોલીસે નકારી નથી. સચિન પોલીસે ફરિયાદ નોંધી તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

### તરસાડીમાં વેરાના...

વેરા વસૂલાત માટે ટીમ રચ્યાનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ ટીમે કરેલા પ્રયાસો, મુલાકાતો કે ઝુંબેશ અંગે એકપણ પત્રક અથવા દસ્તાવેજ રજૂ ન કરી શકાતા તપાસ અધિકારીઓ ચોંકી ઊઠ્યા હતા. રેકોર્ડમાં ક્યાંય પણ વસૂલાત સંબંધિત કાચી કાર્યવાહી, નોટિસ ફાઈલ કે મોટા બાકીદારોની અલગ યાદી જોવા મળતી નથી. તપાસમાં વધુ એક ગંભીર મુદ્દો સામે આવ્યો છે કે નગરપાલિકામાં છેલ્લા પંદર વર્ષથી એક જ કન્સલ્ટન્ટ એજન્સીને સરકારના વિવિધ કામોના પ્લાન, અંદાજ, ટેકનિકલ ચકાસણી તેમજ PMC તરીકે નિમણૂક આપવામાં આવી છે. આ પ્રથા સરકારના નિયમો વિરુદ્ધ હોવાનું નોટિસમાં સ્પષ્ટ કરાયું છે. આ કારણદર્શક નોટિસમાં શિવાય ઇન્ફ્રા, સોમનાથ ડેવલોપર્સ, ધાર્મિક જે. ગાંગાણી, એ.પી. રાદવાણી તેમજ હરવી સર્વેયર એન્ડ એન્જિનિયરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તમામ પાસેથી ત્રણ દિવસમાં લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે. અધિક કલેક્ટર દ્વારા આપવામાં આવેલી નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો નિયત ત્રણ દિવસમાં સંતોષકારક ખુલાસો નહીં આપવામાં આવે તો જી.સી.એસ.આર. 2002 (શિસ્ત અને અપીલ)ના નિયમો અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### મહિલાઓ મારી...

ને પકડી લીધો હતો. પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ કરતા તેના મોબાઈલમાંથી અઢળક બીભત્સ ક્લિપ મળી આવી હતી. તે છેલ્લા 15 દિવસથી વહેલી સવારે બાઈક પર પાંડેસરા ઉધના વિસ્તારમાં નીકળી ચાલવા નીકળતી મહિલાઓની રેકી કરી એકલી મહિલાઓને ટાર્ગેટ કરતો હતો. મહિલાના કુલ્લા પર હાથ ફેરવી અગાઉ તેની રાહ જોઈ ઊભો રહેતો અને રિસ્પોન્સ આપે તેની રાહ જોતો.

હકીકત જાણી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે વધુ તપાસ કરતા તે મોડલિંગના ફોટો સ્ટુડિયોમાં કામ કરે છે. આજે ઉધનાની મહિલા પોલીસે આરોપીને ઘટના સ્થળે લઈ જઈ રીકન્ટ્રક્શન કર્યું હતું, જ્યાં બે હાથ જોડી મહિલા મારી માં બહેન સમાન છે હવે ફરીથી આવી છેડતી નહીં કરું તેવું હાથ જોડી રટણ કર્યું હતું.

# વાલક પાસે તાપી નદીમાં મંજૂરી વગર ઈન્ટેકવેલનું કામ

**સિંચાઈ** વિભાગની મનપાને તાત્કાલિક પાળો દૂર કરવાની નોટિસ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા વાલક વિસ્તારમાં તાપી નદીમાં ઈન્ટેકવેલ બનાવવાની કામગીરી શરૂ કરાતા વિવાદ ઊભો થયો છે. આ કામગીરી માટે તાપી નદીમાં રેતી-માટીનો પાળો બનાવી પાણીના કુદરતી વહેણને અવરોધવામાં આવ્યો હોવાનું સિંચાઈ વિભાગના ધ્યાને આવ્યું છે. મહત્ત્વની વાત એ છે કે આ કામગીરી માટે સિંચાઈ વિભાગની કોઈ પણ પ્રકારની પૂર્વ પરવાનગી લેવામાં આવી નથી.

તાપી પાળા પેટા વિભાગ નંબર-૩ના નાયબ કાર્યપાલક ઈજનેર પટેલ દ્વારા સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત નોટિસ પાઠવી આ બાબતે ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે. નોટિસમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, નદીના વહેણમાં અવરોધરૂપ બનેલો રેતી-માટીનો પાળો તાત્કાલિક દૂર કરવામાં આવે અને ઈન્ટેકવેલની આગળની કોઈપણ કામગીરી સિંચાઈ વિભાગની મંજૂરી મેળવ્યા બાદ જ કરવામાં આવે.

સિંચાઈ વિભાગે ચેતવણી આપી છે કે જો આ સૂચનાનો ભંગ થશે અને ભવિષ્યમાં કોઈ સમસ્યા કે નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત મનપા વિભાગની રહેશે. તાપી નદી જેવા મહત્ત્વના જળસ્ત્રોતમાં મંજૂરી વગર કરવામાં આવેલા હસ્તક્ષેપથી પૂરપરિસ્થિતિ, પર્યાવરણ અને નીચાણવાળા વિસ્તારો પર અસર થવાની સંભાવના હોવાની પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ નોટિસની નકલ ડ્રેનેજ વિભાગ નં-૨ના કાર્યપાલક ઈજનેરને પણ જાણ માટે મોકલવામાં આવી છે તેમજ વિભાગીય કચેરી દ્વારા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.